**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૮.૭ ડીગ્રી
લઘુતમ : ૧૧.૩ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૩૯ ટકા

### ભગવાન વિશ્વકર્મા વાસ્તુશાસ્ત્રના પ્રણેતા હતા

# આજે ભગવાન વિશ્વકર્મા જન્મ જયંતિ

ગાંધીનગર, તા.૨

વિશ્વકર્મા જયંતિના શુભ અવસરે, ભગવાન વિશ્વકર્મા દેવશીલ્પીને કોટિ કોટિ પ્રણામ. કહેવાય છે કે દરેક શાસ્ત્રનું અને ગ્રંથનું નિર્માણ ભારત ભુમિમાં થયેલ છે. જે વાસ્તુ શાસ્ત્ર જેવા શાસ્ત્રોના ઉપયોગથી સમજાય છે. ચાર વેદમાં અર્થવવેદ એ સ્થાપત્ય વેદ તરીકે ઓળખાય છે. તે સમયમાં આટલા આધુનિકસાધનો નહોતા તેમ છતાં ભારતમાં અનેક જગ્યાએ દેવાલયો, જિનાલયો, મંદિરો મહેલો અદભૂત કલા સર્જનથી સૌને આશ્ચર્યચકિત કરી દે છે. આપણા અદભૂત અને અલૌકિક જ્ઞાનસભર શાસ્ત્રો એ અમૂલ્ય પુંજી છે. જો કે મોટા ભાગે સઘણું લુપ્ત થયેલ છે. વિશ્વકર્મા મહાન વાસ્તુના રચયિતા હતા. વાસ્તુ શાસ્ત્રનો ઈતિહાસ જોઈએ તો રાજવલ્લભ, પ્રસાદ, મંડન, વાસ્ત્યમંડન, વાસ્તુમંજસી, શિલ્પ પશ્વાશ વગેરે અનેક ગ્રંથોની રચના થઈ છે. વાસ્તુ શાસ્ત્રના પ્રણેતા શ્રી વિશ્વકર્માજીએ શાસ્ત્રને આઠ વિભાગમાં વહેંચી તેની ઉપયોગિતા વધારી છે. ભુમિનિર્માણ, વાસ્તુ પુરુષ, પરિગ્રહ, વાસ્તુ નિર્માણ, સ્થાપત્ય, સુત્રપાત્ર, શ્રીલીંગ નિર્માણ, વાસ્તુ શાંતિ. જયોતિષાચાર્ય વિષ્ણુભાઈ વૈષ્ણવના જણાવ્યા અનુસાર આચાર્ય ભગવાન વિશ્વકર્માએ આ જ્ઞાનનો પ્રચાર કર્યો તે માટે તેમના ચાર પુત્રોએ જ્ઞાન આપ્યું.

**જય- સ્થાપત્ય જેમાં મંદિર, જળાશય, ભવન નિર્માણ**
**વિજય - ગીત, રાગ, લય, તાંડવનૃત્ય**
**સિધ્ધાર્થ - જ્યોતિષ વ્યાકરણ, છંદ, ગણિત,**
**અપરાજીત - વાસ્તુશાસ્ત્ર, નિર્માણ રચના**

આ બધામાં ભુમિ મહત્વની છે જેમાં ભવનનું નિર્માણ થાય છે. વાસ્તુ શિલ્પ શાસ્ત્ર બે ભાગમાં દેવ શિલ્પ અને માનવ શિલ્પ વહેંચાયેલું છે. વિશ્વકર્માની બીજી વંશાવલિ જોઈએ તો માનસાર ગ્રંથ મુજબ વિશ્વકર્માને બ્રહ્માના પુત્ર તરીકે અને ઈન્દ્રની પુત્રીના પતિ તરીકે વર્ણવેલા છે. તેઓએ પ્રભાવસુના પુત્ર તરીકે ગણેલા છે. વિશ્વકર્મા વિશ્વની રચના કરનાર હતા. તેમણે દ્વારકા નગરીની રચના કરી હતી તેમ મનાય છે. પાંડવના રાજય ઈન્દ્રપ્રસ્થના મહેલોની પણ રચના વિશ્વકર્માજીએ કરેલ હતી અને અનેક અદભૂત શસ્ત્રો જે દેવો ઉપયોગ કરતા હતા તેની રચના પણ વિશ્વકર્માએ કરેલ હતી તેમ મનાર એટલે જ તેઓ મહાન ઈજનેર તેમ જ સ્થપતિ હતા. વિશ્વકર્મા જયંતિનું ખાસ કરીને રચનાકાર અને સ્થાપત્યકલાવિદો વગેરે ધામધૂમથી ઉજવે છે. ખાસ કરીને પૂર્વના રાજયોમાં તેની ઉજવણી ધામધૂમથી ઉજવે છે. ખાસ કરીને પૂર્વના રાજયોમાં તેની ઉજવણી ધામધૂમથી થાય છે. આસામ, ત્રિપુરા, વેસ્ટ બંગાળ, બિહાર, ઝારખંડ વગેરે રાજયોમાં પૂજા ઉપાસના થાય છે. ભગવાન શ્રીકૃષ્ણની દ્વારકાની રચના તેમણે જ કરેલી જેમાં મથુરામાં કાલરવન અને જરાસંઘના ત્રાસના કારણે મથુરાથી ભગવાને વસાવ્યા અને ભગવાન યાદવોને પણ સૌરાષ્ટ્રના દરિયા કિનારા તરફ વસાવ્યા અને ભગવાન કૃષ્ણે સમુદ્ર દેવની પૂજા કરી અને ૧૨ યોજન જેટલી જમીન મેળવેલ. ધર્મશાસ્ત્ર અનુસાર પુરાણોમાં ઉલ્લેખ મુજબ સૃષ્ટીના રચયિતા આદિદેવ બ્રહ્માજીએ વિશ્વકર્માની મદદથી જ સૃષ્ટીનું નિર્માણ કર્યું હતું એટલે જ વિશ્વકર્માજીને એન્જીનીયર ઈજનેર પણ કહેવાયા છે. ધર્મશાસ્ત્ર મુજબ બ્રહ્માજીના પુત્ર ધર્મોના સાતમા સંતા જેનું નામ વાસ્તુ હતું. વિશ્વકર્માજી વાસ્તુના પુત્ર હતા જે માતાપિતાની જેમ મહાન શિલ્પકાર હતા. આ સૃષ્ટીમાં અનેક નિર્માણ રચના તેઓએ કરેલી છે દેવતાઓનું સ્વર્ગ કે રાવણની સોનાની નગરી લંકા હસ્તિનાપુર વગેરે રાજધાનીઓની રચના જે વાસ્તુકલાની અદભુત મિશાલ છે. વિશ્વકર્માને ઓજારોના દેવતા પણ ગણવામાં આવે છે.

વધુમાં ભગવાન વિશ્વકર્માને વાસ્તુશાસ્ત્રના પિતા માનવામાં આવે છે. એક કથા મુજબ સંસારની શરૂઆતમાં ભગવાન વિષ્ણુ શ્રીર સાગરમાં પ્રગટ થયા નાભિમાંથી બ્રહ્માજીની ઉત્પત્તિ થઈ. બ્રહ્માજીના પુત્ર ધર્મના વિવાદ બાદ વસ્તુક સ્ત્રી દ્વારા ઉત્પન્ન થયા તેથી નામ વાસ્તુ રાખવામાં આવ્યું. જેઓ શિલ્પશાસ્ત્રમાં વિદ્વાન હતા તેમના પુત્ર વાસ્તુ શાસ્ત્રમાં મહાન હતા આથી પુત્રનું નામ વિશ્વકર્મા વાસ્તુશાસ્ત્રના જનક માનવામાં આવતા હતા. આ રીતે તેમનો જન્મ થયો તેવો ઉલ્લેખ છે. વિશ્વકર્મા પ્રભુએ સૃષ્ટીની રચનામાં અમુલ્ય ફાળો આપ્યો હતો તેમ કહી શકાય. એમ કહેવાય છે કે વિશ્વકર્માજીએ ભાવિ સમય માટે જગતમાં વાસ્તુશાસ્ત્રની દ્રષ્ટીએ તેમજ ભારતીય સંસ્કૃતિ આધારિત સઘળા ભવનોની રચના થાય તેમજ સ્થાપત્ય કલાનો સાચો ઉપયોગ થાય તે સારૂ તેઓશ્રીએ તેમના પાંચ મુખથી પાંચ કારીગર પુત્રોની રચના કરી હતી અને દરેકને અલગ અલગ કારીગરીના નિષ્ણાંત બનાવ્યા. આમ સર્જન માટે તેઓને આ પ્રકારના કામ માટે જરૂરી સાધનો પણ બનાવી તેનું જ્ઞાન આપ્યું હતું. આજના સમયમાં આ પ્રકારના કામ લુહાર, કુંભાર, કડીયા, સુથાર, સોની, સલાટ જ્ઞાતિના લોકો સુપેરે આ કળાથી કામ આપી રહયા છે. તેમજ વિશ્વકર્મા પ્રભુની જન્મ જયંતિ અવસરે આરાધના કરી પુજા ઉપાસના તેઓ કરે છે. તેમના પાંચ મુખથી ઉત્પન્ન થયેલા આ કારીગરો લાકડુ, પથ્થર, ધાતુ, લોખંડ, સોનુ વગેરેનો ઉપયોગ કરી પોતાની કલા કારીગરીથી અદભુત રચનાઓનું નિર્માણ કરી રહયા છે. આમ આ સૌ વિશ્વકર્માજીના માનસ પુત્રો ગણી શકાય. જે સૃષ્ટી પર સૌના સુખ માટે ઘર અને ગામની રચના કરવા કામ કરી રહયા છે. વપરાતા સાધનો ભગવાન વિશ્વકર્માના હાથમાં ધારણ કરેલ જોઈ શકાય છે. આમ કેટલીક જ્ઞાતિઓ જે ઈજનેરી અને સ્થાપત્યકળા સાથે સંકળાયેલ છે તે સર્વના તે આરાધ્ય દેવ છે. કારણકે તે સંસારના સઘળા વાસ્તુકાર અને ઈજનેર ગણવામાં આવે છે. વિશ્વકર્મા જયંતિ પર ખાસ કરીને ઓજારો, મશીનરી, દુકાનો, કારખાના વગેરેની પુજા કરવામાં આવે છે. મહર્ષિ દધીચીના હાડકામાંથી વિશ્વકર્માજીએ વ્રજની (શસ્ત્ર)ની રચના કરી હતી. જે રાજા ઈન્દ્રનું હથિયાર માનવામાં આવે છે. હિન્દુ ધર્મ અનુસાર વિશ્વકર્મા



સર્જનના દેવતા છે. ભારતમાં મનાવાતા તહેવારો ચંદ્ર વર્ષ મુજબ ઉજવાય છે તે મુજબ ૧૭ ફેબ્રુઆરીના રોજ મહાસુદ ૧૩ના દિવસો ભગવાન વિશ્વકર્માના જન્મદિન વદની એકમે પણ જન્મ જયંતિ ઉજવાય છે. આજના આધુનિક યુગમાં ભવનો, દેવાયલો, મકાનો, મહેલો વગેરેનું વિશાળ માત્રામાં નિર્માણ થાય છે. પરંતુ આ નિર્માણ વખતે બ્રહ્માંડની દરેક દિશાઓ તેની ઉર્જા, બ્રહ્મસ્થાન તેનું મહત્વ, પ્રકાશ તેમજ હકારાત્મક અસરોથી પ્રાપ્ત થતી ઉર્જા વગેરે અંગે ધ્યાન આપવામાં આવતું નથી પરંતુ જેમ શરીર પંચ તત્ત્વોનું બનેલું છે તેમ બ્રહ્માંડ પણ પાંચ તત્ત્વોનું બેલેન્સ સ્થાયી નિર્માણ પણ જળવાય તો નકારાત્મક અસરોનો નાશ થાય છે અને સકારાત્મક ઉર્જા પ્રાપ્ત થાય છે તેની સીધી અસર માનવજીવન પર પડે છે અને શુભત્વ પ્રાપ્ત થાય છે. યત બ્રહ્માંડે તત્ પિંડે..

## જન્મદિને વધામણી



સુમંતભાઈ મંગળદાસ શાહ
કવિ-સાહિત્યકાર
કાર્યકારી પ્રમુખ, ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળ
ફોન : ૨૩૨૨૬૫૫૭
મો. ૯૫૧૦૯ ૯૪૮૨૭



સુષ્મા અમિતકુમાર ગોંડ



રિયાન શ્રેયાંસ રાણા
મો.૮૩૨૦૯ ૪૧૧૫૬

# ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટની મુલાકાતે બ્રિટીશ હાઈકમિશન



ગાંધીનગર, તા.૨

ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ છેલ્લા ૨૪ વર્ષથી વંચિત સમુદાયના લોકો માટે અને ખાસ કરીને વંચિત સમુદાયના બાળકોને વિશેષ દરકાર, કાળજી રાખીને પ્રેમ આપવાનો નિઃસ્વાર્થ નમ્ર પ્રયાસ કરતું આવ્યું છે અને સતત કાર્ય કરતું રહે છે. આ વર્ષે ઉદગમની સ્થાપનાના ૨૫ માં ફાઉન્ડેશન વર્ષમાં "ઉદગમ પરિવાર" દ્વારા વિવિધ કર્યો કરવામાં આવી રહ્યા છે.

ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યાલયની મુલાકાતે બ્રિટિશ હાઈ કમિશન, અમદાવાદના ડેપ્યુટી હાઈ કમિશ્નર પીટર કુક અને તેમના ધર્મપત્ની નૌરિન કુક પધાર્યા હતા. કાર્યાલયની મુલાકાત બાદ તેઓએ ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટએ સાયબેજના સીએસઆર દ્વારા ઈન્દ્રોડા, સરકારી પ્રાથમિક શાળા ગાંધીનગર ખાતે બાળઉપયોગી શાળા, સ્માર્ટ કલાસરૂમ, નવનિર્મિત સૌચાલય સંકુલ બનાવવામાં આવેલ તે શાળાની ખાસ મુલાકાત લીધી હતી.

સરકારી અંગેજી માધ્યમની શાળાના બાળકોએ અભિનય ગીતો રજુ કર્યા હતા જેને પીટર કૂકે સાથ આપીને ખુબ આનંદ વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ તેઓએ સમગ્ર શાળાની મુલાકાત લઈને બાળકો સાથે સંવાદ કર્યો હતો.

કાર્યક્રમમાં શાસનાધિકારી હેમાંગભાઈ ભટ્ટ, શાળના તથા ઉદગમ ટીમ ઉદગમના અમિત પંડયા, મનોજ જોષી, જયપ્રકાશ ભટ્ટ, હિમાંશુ મકવાણા, સૌમિલ પંડયા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન હિનાબેન પટેલે કર્યુ હતું.શાળાના આચાર્ય રાકેશભાઈ પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ માટે શાળાના આચાર્ય રાકેશભાઈ સાથે શિક્ષકોએ ખુબ જ જેહમત ઉઠાવી હતી.

# શ્રી અરવિંદ ઘોષના જીવનકવન પર આધારિત વક્તૃત્વ, નિબંધ અને ચિત્ર સ્પર્ધાઓ યોજાશે

ગાંધીનગર, તા.૨

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર દ્વારા ચાલુ વર્ષે ૨૦૨૨-૨૩માં શ્રી અરવિંદઘોષની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે શ્રી અરવિંદ ઘોષના જીવન કવન પર આધારિત વકૃત્વ, નિબંધ અને ચિત્રસ્પર્ધાનું જિલ્લા કક્ષાએ આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધા બે વિભાગમાં યોજાશે. જેમાં વિભાગ ''અ''૧૫ વર્ષથી ઉપરના અને ૧૯ વર્ષ સુધીના તેમજ વિભાગ ''બ''૧૯ વર્ષ ઉપરના અને ૩૫ વર્ષ સુધીના ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ રજીસ્ટ્રેશન ફોર્મ ગાંધીનગર જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, સી વિંગ, છઠ્ઠો માળ ,સહયોગ સંકુલ સેક્ટર-૧૧ગાંધીનગર ખાતેથી મેળવી, પરત તારીખ ૦૮/૦૨/૨૦૨૩ સુધી મોકલવાનું રહેશે. તેમજ રાજ્યકક્ષાની ત્રણેય સ્પર્ધામાં વિજેતા થયેલપ્રથમ ૧૦ સ્પર્ધકોને વિનામૂલ્યે પોંડીચેરી ખાતેના શ્રી અરવિંદો આશ્રમની મુલાકાતે સરકારશ્રીના ખર્ચે લઈ જવામાં આવશે. વધુવિગતો માટે કચેરીનો સંપર્ક કરવાનો રહેશે તેમ ગાંધીનગર જિલ્લા યુવા વિકાસ અધિકારી તેજલબેન ચૌહાણ દ્વારા જણાવાયું છે

# એડવોકેટ ડૉ. અશ્વિન ત્રિવેદીની ભારત સરકાર દ્વારા નોટરી તરીકે નિયુક્તી

જાણીતાં એડવોકેટ ડૉ. અશ્વિન વાસુદેવ ત્રિવેદી છેલ્લાં ૨૭ વર્ષ



ઉપરાંતથી ગુજરાતમાં વકીલાત ક્ષેત્રે આગવી નામના મેળવેલ છે. સામાજીક. સંસ્થાકીય સેવામાં પોતાનું સેવાકીય પ્રવૃત્તિઓ મા યોગદાન આવનાર ડૉ અશ્વિન ત્રિવેદીને ભારત સરકારના લીગલ અને જસ્ટિસ ડિપાર્ટમેન્ટ દિલ્હી દ્વારા ગાંધીનગર જીલ્લાનાં નોટરી તરીકે પસંદ કરેલ છે. જે બદલ વકીલ આલમ તથા સામાજીક સંસ્થાના અગ્રણીઓએ શુભેચ્છા સહ અભિનંદન પાઠવેલ છે. ડૉ. અશ્વિન ત્રિવેદીએ જણાવ્યું છે કે, ગરીબ, વિધવા, ત્યકતા તથા વૃધ્ધો માટે રાહતદરે લીગલ તથા નોટરી સેવા આપવામાં આવશે.

# રામકૃષ્ણ મિશનના સંન્યાસીઓ સાથે મુખ્યમંત્રીનો સીધો સંવાદ



ગાંધીનગર, તા.૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રામકૃષ્ણ મિશનના સંન્યાસીઓની ગુજરાત તીર્થયાત્રાના સહભાગી સંન્યાસીએ સાથે ગાંધીનગરના અડાલજ ત્રિમંદિર ખાતે સીધો સંવાદ કરતા જણાવ્યું હતું કે, વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે આધ્યત્મિકતા અને ધર્મનું અનુશાસન જોડાય છે ત્યારે વિકાસના નવા પરિણામો સર્જાય છે. રામકૃષ્ણ મિશન-રાજકોટ દ્વારા દેશ અને વિદેશના ૧૨૫ સંન્યાસીઓની ગુજરાત તીર્થયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ તીર્થયાત્રા ગુરૂવારે ગાંધીનગરના અડાલજ ખાતેના ત્રિમંદિર પહોંચી હતી. આ યાત્રાના સંન્યાસીઓ સાથે સંવાદ કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના કર્મઠ નેતૃત્વમાં દેશ વિકાસની નવી ઉંચાઈ હાંસલ કરી રહ્યો છે. પ્રધાનમંત્રીના માર્ગદર્શનમાં લોકોની સેવા કરવાનો અવસર અમને મળ્યો છે, ત્યારે રાજય સરકાર સમાજના અંતિમ વ્યક્તિ સુધી કલ્યાણ યોજનાના સુફળ પહોંચે તે માટે અવિરત પુરૂષાર્થ કરી રહી છે. તેમણે જણાવ્યું હતું કે, જયારે વ્યક્તિ પોતાના કર્તવ્યપથથી ભટકે છે ત્યારે ધર્મ જ તેને સાચી દિશાનું દર્શન કરાવે છે. આ અવસરે ઉપસ્થિત આદિજાતિ વિકાસ અને શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડિંડોરે સંતગણને ગુજરાતની ધરતી પર આવકાર્યા હતા. અગ્રણી શ્રી રત્નાકરજીએ પ્રાસંગિક સંબોધનમાં જણાવ્યું કે, સંતશક્તિને જોડવાથી દેશ સામેના પડકારોનો સામનો કરવાની નૂતન ઉર્જા મળે છે. આ પ્રસંગે રામકૃષ્ણ આશ્રમ રાજકોટના નિખિલેશ્વરાનંદજીએ રામકૃષ્ણ મિશનના સંન્યાસીઓની ગુજરાત તીર્થયાત્રા સંદર્ભે માહિતી આપતાં જણાવ્યું હતું કે, યાત્રામાં ૨૦ રાજયો તેમજ બાંગ્લાદેશ તથા નેપાળથી આવેલા ૧૨૫ સંન્યાસીઓ જોડાયા છે.સ્વામી વિવેકાનંદે ગુજરાતમાં જે સ્થળોની મુલાકાત લીધી તે સ્થળોની આ તીર્થયાત્રા દરમિયાન સંન્યાસીઓ મુલાકાત લેશે. તેમણે ગુજરાતમાં આવેલાં વિવેકાનંદ મેમોરીયલને અદ્યતન બનાવવા અંગેની માહિતી આપી હતી. રામકૃષ્ણ મિશન અમદાવાદના સ્વામી પ્રભુસેવાનંદજીએ મહાનુભાવોને સત્કાર્યા હતા.

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી-ગાંધીનગર દ્વારા આયોજિત ત્રિ-દિવસીય કાયરોપ્રેકટર કેમ્પ સંપન્ન





ગાંધીનગર, તા.૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ—કડી ગાંધીનગર સંચાલિત કડી સર્વ વિશ્વ વિદ્યાલયની ગાંધીનગર સેક્ટર ૧૨ સિવિલ કેમ્પસ માં સ્થિત સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝીયોથેરાપી કોલેજમાં ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટરનેશનલ રીલેશન તથા અમેરિકાના વેસ્ટ સાન ફ્રાન્સિસ્કોની લાઈફ કાયરોપ્રેકટીક કોલેજ વેસ્ટ યુ.એસ.એ. ના સંયુક્ત ઉપક્રમે કાયરોપ્રેકટીક સારવાર કેમ્પનું આયોજન તારીખ તા.૩૧ જાન્યુઆરી થી ૨ ફેબ્રુઆરી ૨૦૨૩ સુધી કરવામાં આવ્યું હતું.

આયોજિત આ ત્રિ-દિવસીય સારવાર કેમ્પમાં ગરદનનો દુખાવો, પીઠ નો દુખાવો, કમરનો દુખાવો, હાથ કે પગમાં ઝણઝણાટી આવવી વગેરે જેવી તકલીફ ધરાવતા ૨૦૦૦ થી વધુ નાગરિકોઓએ આ નવીનત્તમ સારવાર પદ્ધતિનો લાભ લીધો હતો. સારવાર અર્થે અમેકિતા સ્થિત કાયરોપ્રેકટર કોલેજના ૯ નિષ્ણાત ડોકટર ઉપસ્થિત રહીને ગાંધીનગર તથા ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી આવેલ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. કેમ્પના છેલ્લા દિવસે ચેરમેન સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ દ્વારા લાઈફ કાયરોપ્રેકટીક કોલેજના પ્રેસિડેન્ટ ડૉ.રોન ઓબરસ્ટાઈન સહિત તેમની ટીમને સંસ્થા તરફથી સ્મૃતિ ચિહ્ન અર્પણ કરી આભાર પ્રગટ કર્યો હતો.

# સે-૫ ખાતે ઈન્દોરની કંપની દ્વારા પ્લાસ્ટિક મુક્ત અભિયાન યોજાયું

ગાંધીનગર, તા. ૨

સેકટર-૫ શોપીંગ સેન્ટર ખાતે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકોને પ્લાસ્ટિક ઉપયોગ ન કરવા માટે ઈન્દોરની કંપની દ્વારા જરૂરી માર્ગદર્શન સુચનાઓ અને આરોગ્યને થતાં નુકશાન અંગે સમજણ આપવામાં આવી હતી. જેમાં સીંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા અને કપડાની થેલીનો ઉપયોગ કરવાનો આગ્રહ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત જુની ચીજવસ્તુઓનું રીસાયકલ કરીને તેનો ફરીથી ઉપયોગ કરવા, પ્લાસ્ટિકનો કચરો જયાં દેખાય ત્યાંથી તેનો યોગ્ય રીતે નિકાલ કરવા, પ્લાસ્ટિકના કચરાથી થતાં નુકશાન વિશે લોકોને જાગૃત કરવા પ્લાસ્ટિકના બદલામાં બાયોડીગ્રેડેબલ મટીરીયલનો ઉપયોગ કરવા જણાવ્યું હતું. આ સંસ્થાની ટીમના સભ્યો દ્વારા



પોલીથીન મુક્ત શહેર બનાવવા માટે કપડાની થેલીનો ઉપયોગ કરવા માટે તેમજ સ્વચ્છતા જાળવવા ભીના, સુકા કચરાનું અલગ અલગ વર્ગીકરણ કરવું જોઈએ આ સંસ્થા દ્વારા સ્વચ્છતાના પાઠ ભણાવવા માટે કચરો કચરાપેટીમાં નાખવા અને સેનેટરી વેસ્ટ, માસ્ક, મેડીકલ દવા કાળા ડબ્બામાં આપવામાં આવે તેમ કહેવામાં આવ્યું હતું. અને નાગરિકો સહયોગ આપે તેવી અપીલ પણ કરી હતી. આ પ્લાસ્ટિક મુકત અભિયાનમાં સે-પના સીનીયર સીટીઝનો કેશરીસિંહ બિહોલા, મુળસિંહ ચાવડા વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.પટેલ ત્રિવેણીબેન જયંતિલાલ** ઉ.વ.૬૦, ગાંધીનગર
- **સ્વ.તુરી ખેમાભાઈ જેઠાભાઈ** ઉ.વ.૮૦, બોરીજ
- **સ્વ.જખવાડીયા દિનેશભાઈ ભાનુભાઈ** ઉ.વ.૫૮, ગાંધીનગર